
# જાસુસી કાંડમાં કેન્દ્ર સરકારની પીછેહઠ

નવીદિલ્હી,તા. ૫

સાથી પક્ષો તરફથી જોરદાર વિરોધ બાદ સરકારે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના નજીકના સાથી અમિત શાહને આવરી લેતા જાસુસી કાંડમાં તપાસની ગતિ ધીમી કરવાના સંકેત આપી દીધા હતા. સરકારે સાથી પક્ષોના વિરોધ વચ્ચે પીછેહઠ કરી છે. અને પંચનું નેતૃત્વ કરવા જજનું નામ હાલ જાહેર નહીં કરવાનો નિર્ણય કર્યો છે. જજના નામની જાહેરાત કરવાની યોજના પડતી મુકવાનો સરકારે નિર્ણય કરતા યુપીએ સરકારને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઈશારે ગુજરાત પોલીસ દ્વારા એક મહિલાની જાસુસીમાં તપાસ કરવા હાલમાં જ યુપીએ સરકારે તેની ગતિ ઝડપી બનાવી હતી. સાથે સાથે આ મામલામાં ૧૬મી મેના દિવસે ચૂંટણી પરિણામ જાહેર થાય તે પહેલા જજની નિમણૂંક કરવાની વાત પણ કરી હતી પરંતુ યુપીએના બે ઘટક પક્ષો એનસીપી અને નેશનલ કોન્ફરન્સ દ્વારા ખુલ્લીરીતે આનો વિરોધ કર્યા બાદ યુપીએ સરકારે પીછેહઠ કરી છે. યુપીએ-૨ના છેલ્લા દિવસમાં આ પ્રકારની હિલચાલનો સાથી પક્ષોએ વિરોધ કર્યો હતો. કાયદા પ્રધાન કપિલ સિબ્બલ અને ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ હાલમાં જ મિડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે જજનું નામ ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીમાં મતગણતરી હવે હાથ ધરવામાં આવનાર છે. ભાજપ તરફથી જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. ભાજપે યુપીએ સરકારની આ હિલચાલ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ડિસેમ્બર મહિનામાં કેબિનેટ દ્વારા મૂળભૂત રીતે જાસુસી મામલામાં તપાસ કરવાનો નિર્ણય કર્યો હતો. ભાજપે આ પ્રકારની તપાસની કોઈ જરૂર હોવા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ભાજપે દલીલ કરી હતી કે, જાસુસી કાંડ મામલામાં ગુજરાત સરકાર દ્વારા પહેલાથી જ તપાસ કરવામાં આવી રહી છે. એનસીપીના નેતા પ્રફુલ પટેલે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીના પરિણામો આડે બે સપ્તાહનો સમય છે ત્યારે આ પ્રકારની તપાસની કોઈ જરૂર દેખાતી નથી. એનસીપીના વડા શરદ પવારે પણ રવિવારના દિવસે મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી. એનસીપી કોંગ્રેસના નેતૃત્વમાં સૌથી મોટા ઘટક પક્ષ તરીકે છે. નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ કહ્યં છે કે, ડિસેમ્બર મહિનામાં જજની નિમણૂંકનો નિર્ણય થઈ શક્યો નથી તો પાંચ મહિના બાદ નિમણૂંકની બાબત યોગ્ય રહેશે નહીં. ઉંમર અબ્દુલ્લાએ અન્ય મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. જાસુસી કાંડને લઈને ભારે હોબાળો ભુતકાળમાં થઈ ચુક્યો છે. ગુલેલ અને કોબરાપોસ્ટના ઘટસ્ફોટ બાદ સક્રિય થયેલી યુપીએ સરકારે નિવૃત્ત જજ મારફતે આમા તપાસ કરવાનો નિર્ણય કર્યો હતો. મહિનાઓ સુધી સરકાર પંચનું નેતૃત્વ કોણ કરશે તેવા જજ નિમણૂંક કરવામાં નિષ્ફળ ગઈ હતી. કેન્દ્રીય કેબિનેટે ૨૬મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે જ્યુડિશિયલ કમિશનની રચના કરવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૦૯માં મહિલાની જાસુસીના આરોપસર તપાસ માટે આ નિર્ણય લેવાયો હતો. હવે યુપીએ સરકારે ફરી એકવાર અલ્હાબાદ હાઈકોર્ટના વર્તમાન જજ ધનાંજય યશવંત ચંદ્રચુડ મારફતે તપાસની દિશામાં આગળ વધવાની તૈયારી કરી હતી.



### અમિત શાહના નિવેદન બાદ માયાવતીની પ્રતિક્રિયા

## ભાજપના ઉમેદવાર રમાકાંત યાદવ સૌથી મોટા ત્રાસવાદી

નવીદિલ્હી, તા. ૫


બહુજન સમાજ પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે ભાજપ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપના ઉમેદવાર જ સૌથી મોટા આતંકવાદી તરીકે છે. આઝમગઢ આતંકવાદીઓના ગઢ સમાન છે તેવા અમિત શાહ અને ભાજપના નિવેદનને લઈને માયાવતીએ ઉગ્ર આક્ષેપ કર્યા હતા. માયાવતીએ દાવો કર્યો હતો કે, આઝમગઢમાંથી ભાજપના ઉમેદવાર રમાકાંત યાદવ જ સૌથી મોટા આતંકવાદી છે. રમાકાંત યાદવની બહુજન સમાજ પાર્ટી દ્વારા હકાલપટ્ટી કરવામાં આવી ચુકી છે. તેમની ધરપકડ કરવામાં આવી હતી. આઝમગઢમાં રમાકાંતનો આતંક રહ્યો છે. ભાજપને પોતાની અંદર રહેલી ભુલો દેખાતી નથી. માયાવતીએ કહ્યું હતું કે, અમિત શાહનું નિવેદન આચારસંહિતાના ભંગ સમાન છે. બસપ વડાએ શંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે, આ પ્રકારના નિવેદનથી પૂર્વીય ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી જશે. ઉત્તરપ્રદેશમાં ભાજપના ચૂંટણી પ્રભારી અમિત શાહે આઝમગઢને આતંકવાદી ગઢ ગણાવીને ફરી એકવાર વિવાદ છેડી દીધો છે. અમિત શાહે રવિવારે આઝમગઢમાંથી ભાજપના ઉમેદવાર રમાકાંત યાદવના સમર્થનમાં આયોજિત એક ચૂંટણી સભાને સંબોધી હતી અને આક્રમક પ્રહાર કર્યા હતા. દિગ્વિજયસિંહ પણ અમિત શાહના નિવેદનની ટિકા કરી ચુક્યા છે. અમિત શાહે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટીની સરકાર ત્રાસવાદી મામલાઓમાં ધરપકડ કરવામાં આવેલા લોકને છોડવાની તરફેણ કરી રહી છે. માયાવતીએ અમિત શાહ ઉપર પ્રતિબંધ મુકવાની માંગણી કરી હતી. બીજી બાજુ માયાવતીએ અબુ આઝમીના વિવાદાસ્પદ નિવેદન બાદ તેમની સામે કાર્યવાહીની પણ માંગ કરી છે.

### કેરિયર ખતમ થવાની કોંગ્રેસની ટકોર અંગે જવાબ

## હારી જઇશ તો ચા વેચીને પણ ગુજારો કરીશ : મોદીનો જવાબ

અમેઠી,તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે રાહુલ ગાંધીના ગઢમાં આક્રમક પ્રચાર કર્યો હતો અને યુપીએ સરકાર ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. હારની સાથે જ નરેન્દ્ર મોદીના કેરિયરની સમાપ્તિ થઈ જશે તેવા કોંગ્રેસી નેતાઓના નિવેદન વચ્ચે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારે જવાબમાં કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા કહે છે કે, રાહુલ હારી જશે તો વિરોધ પક્ષમાં બેસશે પરંતુ જો મોદી હારી જશે તો ક્યાં જશે. મોદીએ તેમના વિશેષ અંદાજમાં કોંગ્રેસી નેતાઓને કહ્યું હતું કે, મોદીની ચિંતા કરવાની જરૂર નથી. તેમની ચા બનાવવાની ચીજવસ્તુઓ તૈયાર છે. ચા વેચીને પણ પેટ ભરવાની સ્થિતિમાં છે. જો હારી જશે તો ચા બનાવશે અને આમા તેમને કોઈ શરમ નડતી નથી. મોદીએ કહ્યું હતું કે, તેઓ ઈમાનદારીપૂર્વક કામમાં વિશ્વાસ કરે છે. લૂંટ ચલાવવામાં માનતા નથી. ચા વેચીને પોતાની રોજગારી કરવાનું પણ તેમને આવડે છે. જેથી કોંગ્રેસની ચિંતાની જરૂર નથી.



## મહારાષ્ટ્ર ટ્રેન અકસ્માતમાં મોતનો આંકડો વધીને ૨૧

### ઘાયલ થયેલા ૧૩૨ પૈકી અનેકની હાલત હજુ પણ ગંભીર

મુંબઈ,તા. ૫

ગઈકાલની ટ્રેન દુર્ઘટનામાં આજે મોતનો આંકડો વધીને ૨૧ ઉપર પહોંચી ગયો હતો કારણ કે આજે સવારે ઘાયલ થયેલા યાત્રીઓ પૈકીના વધુ ત્રણના મોત થઈ ગયા હતા. મુંબઈથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે બનેલા આ બનાવમાં ઘાયલોની સંખ્યા હવે ૧૩૨ આંકવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રેલ ફ્રેકચરના કારણે આ બનાવ બન્યો હતો.ગઈકાલની દુર્ઘટના બાદ ટ્રેકને વ્યવસ્થિત કરીને ટ્રેન સેવા આ રૂટ પર ફરી શરૂ કરી દેવામાં આવી છે. ગઈકાલે મોટી ટ્રેન દુર્ઘટના થઈ હતી જેથી રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. મહારાષ્ટ્રમાં કોકણ રેલવે રૂટ ઉપર દિવાસાવંતવાડી પેસેન્જર ટ્રેનના ચાર ડબ્બા પાટા પરથી ખડી પડતામોટી ખુવારી થઈ હતી. આ અકસ્માતમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત પ્રવર્તી રહી છે. દિવાસાવંતવાડી પેસેન્જર ટ્રેનના એન્જિન સહિત ચાર કોચ પાટા ઉપરથી ખડી પડ્યા હતા. આ બનાવ સવારે ૧૦.૦૦ વાગે રાયગઢ જિલ્લામાં નાગોઠાણે અને રોહા રેલવે સ્ટેશન વચ્ચે બન્યો હતો. રાયગઢ પોલીસના જણાવ્યા મુજબ આ ખુબ જ ગમખ્વાર અકસ્માત થયો હતો. જે જગ્યાએ બનાવ બન્યો તે મહારાષ્ટ્રના રિમોટ વિસ્તાર હોવાના કારણે બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં ભારે વિલંબ થયો હતો. સમયસર અધિકારીઓ પહોંચી શક્યા ન હતા. ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલાના નજીકના સંબંધીને બે-બે લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલાઓને ૫૦,૦૦૦ હજાર આપવાની રેલ્વે દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આંસિક રીતે ઘાયલ થયેલાઓને ૧૦,૦૦૦ હજાર આપવાની રેલવે મંત્રાલય દ્વારા જાહેરાત કરાઈ છે.

# ચેન્નાઈ બ્લાસ્ટ બાદ વધુ હુમલા થવાની દહેશત

નવી દિલ્હી,તા. ૫

ભારતમાં સરહદપારથી ત્રાસવાદી પ્રવૃતિ પાકિસ્તાને ફરી શરૂ કરવા માટેની તૈયારી કરી લીધી છે. ચેન્નાઈમાં હાલમાં જ થયેલા રેલવે સ્ટેશન પરાના બ્લાસ્ટ બાદ એવી દહેશત છે કે ત્રાસવાદીઓએ પ્રેક્ટીસરૂપે જ આ બ્લાસ્ટ કર્યા હતા મોટા બ્લાસ્ટ મોડેથી કરવામાં આવી શકે છે. બીજા બાજુ ભારત માટે બીજી ચિંતાજનક બાબત એ છે કે કુખ્યાત ત્રાસવાદી જેશે મોહમ્મદનો મૌલાના મસુદ અઝહર ફરી સક્રિય થયો છે. તેના સંગઠને ઓપરેશન ફરી શરૂ કર્યાના અહેવાલો પણ છે. સરહદ પર વારંવાર યુદ્ધ વિરામના ભંગથી સંકેત મળે છે કે સરહદમાં ત્રાસવાદીઓને ઘુસાડવાના પ્રયાસ થઈ રહ્યા છે.ચેન્નાઈ રેલવે સ્ટેશન ઉપર ટ્વિન બોંબ બ્લાસ્ટ થયા બાદ સમગ્ર મામલામાં તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી છે.અન્ય તપાસ સંસ્થાઓ પણ તપાસ કરી રહી છે પરંતુ કોઈ નક્કર સફળતા હાથ લાગી નથી. પાકિસ્તાનના ગૃહપ્રધાન નિસાર અલી ખાન હાલમાં જ કહી ચુક્યા છે કે, ભારતમાં ચૂંટણી બાદ જો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો પ્રદેશમાં અસ્થિરતા ફેલાશે. પાકિસ્તાનમાં હાલમાં ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ચૂંટણી બાદ જો તરત જ આતંકવાદી હુમલા થશે તો તેની પ્રતિક્રિયા શું આવશે તેને લઈને પણ ચર્ચા છે. મોદી ત્રાસવાદના મુદ્દે હંમેશા કડક વલણ માટે જાણિતા રહ્યા છે. બ્લાસ્ટના મામલામાં રેલવે પોલીસે કેસ દાખલ કર્યા બાદ તમિળનાડુના ડીજીપી કે રામાનુજમ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. બીજી બાજુ શહેર પોલીસ, રેલવે પોલીસ, ફોરેન્સિક નિષ્ણાતો, બોંબ નિષ્ક્રિય કરતી ટુકડીઓ અને એનઆઈએની ટીમ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી છે. જરૂરી પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ચેન્નાઈ રેલવે સ્ટેશન ઉપર મિનિટોના ગાળામાં જ બે બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ભરચક રહેતા તમામ સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી ચુકી છે. સુરક્ષા વ્યવસ્થાના પરિણામ સ્વરુપે દેશભરના વિમાન મથકોને પણ હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. લખનૌ સહિત દેશમાં અન્ય મોટા શહેરોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

ચેન્નાઈમાં બ્લાસ્ટના અનુસંધાનમાં નવી દિલ્હીમાં હાઈસિક્યુરિટી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પહેલીએ યાત્રીઓથી હંમેશા ભરચક રહેતા ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર આજે સવારે ગુવાહાટી-બેંગ્લોર એક્સપ્રેસમાં બે બોગીમાં થયેલા મિનિટોના ગાળામાં જ બે બોંબ બ્લાસ્ટના પરિણામ સ્વરુપે એક મહિલા યાત્રીનું મોત થયું હતુ અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા હતા દક્ષિણ ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિ વધારવાની ગણતરી પણ ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવી રહી છે. દેશના જુદા જુદા ભાગોમાં નાના કદમાં જેહાદી સંગઠનો સક્રિય થયા છે. ફંડની રકમ પણ મળવાની શરૂઆત થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## સમાચાર ઝલક

- શેરબજારની દિશા નક્કી કરવામાં ચૂંટણીના પરિણામની ભૂમિકા મહત્વની રહેશે.
- ટોચની ૬ કંપનીઓની મુડીમાં ૧૮૬૯૯ કરોડનો ઘટાડો.
- ૩૬૦૦૦ ફૂટની ઊંચાઇએ વિમાનમાં બાળકને જન્મ આપ્યો.
- સુરત એરપોર્ટ બદલાઇ જશે, બિલ્ડીંગમાંથી સીધા બેસાશે વિમાનમાં.
- નકસલગ્રસ્ત વિસ્તારમાં ભારે મતદાનથી નકસલીઓ પરેશાન.
- ભારતે જાપાનને પાછળ રાખી વૈશ્વિક અર્થતંત્રમાં ત્રીજું સ્થાન મેળવ્યું.
- જો ઓછો વરસાદ પડશે તો નવી સરકારને મુશ્કેલીઓ નડશે એ વાત નક્કી.
- ભારતમાં ૫ કરોડ ૫૦ લાખ નોકરીઓની જરૂરત : સર્વેનો રિપોર્ટ.
- માનવ મગજ જેવું જ કામ આપતી માઇક્રોચીપ્સ સર્કીટ તૈયાર.
- કોંગ્રેસના વરિષ્ઠ નેતા એન.ડી.તિવારીએ ૯૦ વર્ષે લીવ ઇન રીલેશન સ્વીકારવા પડ્યા.
- મુકેશ અંબાણી સામેની ફરિયાદ રદ્દ કરવા રિલાયન્સની હાઇકોર્ટમાં અરજી.
- લંડનમાં ૧૪ અબજ ૨૨ કરોડમાં સોળ હજાર સ્કવેર ફીટનો અદ્દભૂત આલીશાન ફલેટ વેચાયો.
- દેશભરમાં ડોકટર દ્વારા અપાતા પ્રિસ્ક્રીપશનનું ફોર્મેટ એક સરખું રખાશે.
- ચૂંટણીનો થાક ઉતારવા કાર્યકરો, કર્મચારીઓ સહેલગાહે, ગોવામાં ઓફ સિઝનથી સસ્તા પેકેજ.
- લગ્નનાં પાંચ કલાકમાં જ માથા ફરેલ પ્રેમીએ દુલ્હનને ચાકુના ઘા મારી પતાવી દીધી.
- કેન્દ્રના પર્યાવરણ વિભાગમાંથી મુંદ્રા બંદર સહિતની ૪૫ ફાઇલો ગુમ.
- હરિયાણામાં મધ્યાહ્ન ભોજનમાં બે મૃત ગરોળી મળી આવી, ૩૬ વિદ્યાર્થીઓની તબિયત લથડી.
- જામનગરમાં પુત્રના સત્કાર સમારંભમાં ગયેલા પરિવારના મકાનમાંથી સાત લાખની ચોરી.
- ચુંડા ગામે ગાયિકા ઉપર ચાર શખ્સોનું સામૂહિક દુષ્કર્મ.


## વિશ્વભરમાં દર સાતમો ‘સુપરરીચ’ ભારતીય

લંડન, તા.૫

ત્રણ કરોડ ડોલરથી અધિકની સંપત્તિ ધરાવતા ધનિકોની ‘સુપરરીચ’ની વ્યાખ્યામાં ગણવામાં આવે છે અને આવા ધનવાનોમાં વિશ્વભરમાં ભારતીયોનો દબદબો છે. સૌથી વધુ સંખ્યા ભારતીયોની છે. વિશ્વમાં દર સાતમાં સુપરરીચ એશિયન છે.

વેલ્થ (સંપત્તિ) એ રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે ધનિક વર્ગમાં બે દેશનું નાગરિકત્વ કેળવવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. આવતા વર્ષોમાં સુપરરીચની શ્રેણીમાં વધુ સંખ્યામાં ચીન અને ભારતના નાગરિકો આવે તેમ છે. ભારતીય અબજપતિઓ પૈકી એસ.એન. મિતલ બ્રિટીશ નાગરિકત્વ ધરાવે છે. જયારે પેલોનજી મિસ્ત્રી આઈરીશ નાગરિકત્વ ધરાવે છે. આવતા ૨૦ વર્ષમાં અશિયા જ વિશ્વનું વિકાસ એન્જીન બનશે અને સુપરરીચ નાગરિકોની મહત્તમ સંખ્યા હશે.

રીપોર્ટમાં એ જણાવવામાં આવ્યું છે કે એશિયાની વસ્તીમાં ૫.૯ ટકાનો વધારો થઈ રહ્યો છે. આવતા પાંચ વર્ષમાં સુપરરીચની સંખ્યા ૩૩ ટકાના દરે



વૃદ્ધિ પામે તેવો અંદાજ છે. સંખ્યાની દૃષ્ટિએ ૮૯૩૫ ધનિકોનો ઉમેરો થઈ શકે છે. જે સ્વીટઝરલેન્ડ અને ઈટાલીના વર્તમાન ધનિકોની સંખ્યા કરતા વધુ હશે. વિદેશોમાં ભારતીયો તથા ચીનીઓની વસતી તથા ધનિકોની સંખ્યા સતત વધી રહી છે. વિદેશમાં વસતા ૫૩૮૦ બિનનિવાસી ભારતીયો અને ૩૦૨૦ બિનનિવાસી ચીની સુપરરીચ છે. વિદેશોમાં નાગરીકત્વ મેળવવાના વધતા ટ્રેન્ડ વચ્ચે આવતા પાંચ વર્ષમાં ભારતીયો-ચીનીઓની અબજપતિ સંખ્યા વધે તેમ છે.

બેવડા નાગરિકત્વ માટે પ્રયત્નશીલ ધનિકવર્ગની સરેરાશ સંપત્તિ ૨૦૫ મિલિયન ડોલરથી વધુ છે. વિશ્વમાં પથરાયેલા ધનવાનોની સરેરાશ સંપત્તિ ૧૩૯ મીલીયન ડોલર છે.

બેવડા નાગરિકત્વ મેળવતા ધનવાનોની સરેરાશ ઉંમર ૫૭ વર્ષ છે. તેઓના સ્થળાંતર પાછળ બે કારણો જવાબદાર છે. સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા તેઓ અમેરિકા અથવા બ્રિટનની વાટ પકડે છે.

રસપ્રદ વાત એ છે કે બીજા નાગરિકત્વ માટે અરજી કરવામાં પાકિસ્તાની લેબેનીઝ તથા ઈજીપ્તના નાગરિકો બીજા ક્રમે છે. બીજા નાગરિકત્વ માટે ૪૦ ટકા અરજીઓ આ દેશોની છે. અમેરીકનોનો ક્રમ પાંચમો અને રશિયનોનો છઠ્ઠો છે. બીજા નાગરિકત્વ માટે યુરોપીયન દેશો સૌથી પહેલી પસંદ છે. અર્ધો અર્ધ લોકો બીજું નાગરિકત્વ યુરોપીયન દેશોનું માંગે છે.

## મેન્યુફેકચરિંગ અને ઈન્ફ્રામાં નોકરીનો વરસાદ થઈ શકે છે

નવી દિલ્હી,તા. ૫

વૈશ્વિક અર્થતંત્રમાં સુધારાના પરિણામસ્વરૂપે નવા નાણાંકીય વર્ષની શરૂઆત થવાની સાથે જ જોબ માર્કેટમાં તેજી આવવાના સંકેત મળી રહ્યા છે. જેથી નોકરીની શોધમાં રહેલા કુશળ લોકોને ટુંક સમયમાં તક મળી શકે છે. ખાસ બાબત એ છે કે આ વખતે મેન્યુફેકચરિંગ સેક્ટરમાં નવી નોકરીની તક વધારે સર્જાઇ શકે છે. માર્ગ અને પાવર સેક્ટરમાં જે રીતે તેજી જોવા મળી રહી છે તે સંકેત આપે છે કે સ્થિતી ગુલાબી રહેશે. નોકરીની વ્યાપક તક સર્જાઇ શકે છે. એવો અંદાજ છે કે ચાલુ નાણાંકીય વર્ષમાં મેન્યુફેકચરિંગ સેક્ટરમાં આશરે ચાર લાખ અને ઈન્ફ્રાના ક્ષેત્રમાં ૧.૫ લાખ નવી નોકરીની તક સર્જાઇ શકે છે. આ સેક્ટરોમાં એન્ટ્રી લેવલની સાથે સાથે ઈન્ફ્રાના ઉંચાહોદ્દા પર પણ નિમણૂંક કરવામાં આવનાર છે.ઓદ્યોગિક ચેમ્બર એસોચેમ અને માર્કેટ સર્વેની એજન્સીના જણાવ્યા મુજબ ભારતીય અર્થતંત્રમાં સ્થિતી ખુબ સારી રહી શકે છે. મેન્યુફેકચરિંગ સેક્ટરમાં વૈશ્વિક અર્થતંત્રમાં સુધારાની અસર રહી શકે છે. એપ્રિલ મહિનામાં આશરે ૨.૮૦ લાખ નોકરીની તક અમરિકામાં સર્જાઇ છ. જે સાબિત કરે છે કે અહી અર્થતંત્રમાં સ્થિતી હવે સુધરી રહી છે. અમેરિકામાં ૨.૮૦ લાખ લોકોને નોકરી મળતા બેરોજગારીનો દર ઘટીને ૬.૩ ટકા થઈ ગયો છે. જો વૈશ્નવિક સ્તરે લોકોની આવકમાં વધારો થશે તો માર્કેટમાં તેજી આવશે અને માંગમાં વધારો થશે.

## ફેસબુકના દુનિયાભરમાં ૧૦ કરોડથી વધારે બોગસ એકાઉન્ટ

નવી દિલ્હી, તા.૫

સોશિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુકના દુનિયાભરમાં ૧૦ કરોડથી વધારે એકાઉન્ટ હોઈ શકે છે અને ભારત જેવા દેશમાં તેની ટકાવારી ખુબ વધારે હોઈ શકે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૦ લાખતી ૧.૫ કરોડ અનિચ્છુક એકાઉન્ટ પણ હોઈ શકે છે. ફેસબુકે એસઈસીને માહિતી આપતા કહ્યું છે કે કેટલાક એવા વ્યક્તિ હોઈ શકે છે જે કંપનીની સર્વિસની શરતોનો બંગ કરીને એક અથવા તો વધારે ફેસબુક એકાઉન્ટ રાખે છે. પોતાના ત્રિમાસિક ગાળાના રિપોર્ટમાં કંપનીએ કેટલીક ચોંકાવનારી બાબતોનો ખુલાસો કર્યો છે. પોતાના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે બનાવટી અથવા તો ખોટા એકાઉન્ટની ટકાવારી ભારત અને તુર્કી જેવા વિકાસસીલ દેશોમાં વધારે છે. માર્ચ ૨૦૧૪ના અંત સુધી ફેસબુકની પાસે ૧.૨૮ અબજ એમએયુ અથવા તો માસિક એક્ટિવ યુઝર હતા આ આંકડો ગયા વર્ષની સરખામણીમાં ૧૫ ટકા વધારે છે. વર્ષ ૨૦૧૪ના પહેલા ત્રિમાસિક ગાળામાં ભારત અને બ્રાઝિલના યુઝર્સે ફેસબુકના ગ્રોથને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ફેસબુકે પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે યુઝર મિસ ક્લાસિફાઈડ એકાઉન્ટસ અમારા દુનિયાભરમાં એમએયુના ૦.૮ ટકાથી ૨.૧ ટકા સુધીના હોઈ શકે છે. જ્યારે અનિચ્છુક યુઝર્સની સંખ્યા પણ ખુબ વધારે હોઈ શકે છે. કેટલાક લોકો કંપનીની સેવાના તમામ ધારાધોરણો સાથે ચેડા કરે છે અને એક કરતા વધારે એકાઉન્ટસ બનાવે છે. ફેસબુકે કબુલાત કરી છે કે બનાવટી અથવા તો ખોટા એકાઉન્ટસ અંગે ચોક્કસ માહિતી આપવાની બાબત સરળ નથી. કંપની આ અંગેના આંકડા કઈ રીતે મળી શકે તે અંગે વિશેષ પ્રયોગ કરી રહી છે. માર્ચના અંત સુધીમાં દુનિયાભરમાં મોબાઈલ એમએયુ ૩૪ ટકા વધીને ૧.૦૧ અબજ પર પહોંચી જતા ભારે ઉત્સુકતા રહી હતી. ગયા વર્ષની આ જ અવધિમાં આ આંકડો ૭૫.૧ કરોડ રહ્યો હતો.

## પેઇડ ન્યુઝના આક્ષેપોમાં પંચ ઉંડી તપાસ કરી શકે

નવીદિલ્હી, તા. ૫

સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, ચૂંટણી પંચને પેઈડ ન્યુઝના આક્ષેપોમાં તપાસ કરવાની સત્તા રહેલી છે. જો આના માટે ખર્ચના આંકડાનો ઉલ્લેખ ઉમેદવાર દ્વારા દાખલ કરવામાં આવે તો ઈલેક્શન રિટર્નમાં કરવામાં ન આવે તો પેઈડ ન્યુઝના આક્ષેપોમાં તપાસ કરવામાં આવી શકે છે. જસ્ટિસ સુરિન્દરસિંહ નિજ્જર અને જસ્ટિસ ફકીર મોહમ્મદ ઈબ્રાહીમની બનેલી બેંચે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અરજીને ફગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યુંહતું કે, પેઈડ ન્યુઝના આક્ષેપોમાં તપાસ થઈ શકે છે. આક્ષેપોમાં તપાસ કરવા ચૂંટણી પંચને સત્તા છે. દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને ચવાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે ઠેરવ્યુંહતુંકે, જો ચૂંટણી ખર્ચના રિટર્નમાં ઉમેદવાર દ્વારા ખર્ચની વિગતનો ઉલ્લેખ કરવામાં ન આવે તો પેઈડ ન્યુઝના આક્ષેપોમાં પંચ તપાસ કરી શકે છે. કોર્ટે કહ્યું હતું કે, ચૂંટણી પંચ દરરોજ સુનાવણી કરશે અને ૪૫ દિવસની અંદર ફરિયાદ અંગે નિર્ણય લેશે. વર્ષ ૨૦૦૯ની વિધાનસભા ચૂંટણીમાં ચવાણ નાનદેદમાં ભોખાર વિધાનસભા બેઠકથી ૧.૨૫ લાખના મત અંતરથી જીતી ગયા હતા. તેમના હરીફ અપક્ષ ઉમેદવાર માધવ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી જેમાં પેઈડ ન્યુઝના મામલે ફરિયાદ કરવામાં આવી હતી.